| | | | |
|---|---|---|---|
| | | કેસ દાખલ થયાની તા. | ૦૮/૦૩/૨૦૨૧ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૮/૦૩/૨૦૨૧ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૧/૦૪/૨૦૨૬ |
| | | સમયગાળો: વર્ષ–૦૫ , મહિનો–૦૦ ,દિવસ–૨૪ | |

---

**મેઘરજના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.મેઘરજ**

---

**ફોજદારી કેસ નંબર : ૩૪૦/૨૦૨૧**
**આંક :**

---

**ફરીયાદી :** **શ્રી સરકાર**
મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૦૦૪૨૧/૨૦

**• વિરૂધ્ધ •**

**આરોપીઓ :** (૧)ભાથીભાઈ કાનાભાઈ ડામોર
(૨)વાલાભાઈ ભાથીભાઈ ડામોર
(૩)હશમુખભાઈ ભાથીભાઈ ડામોર
બધા રહે.લીંબોદરા,તા.મેઘરજ,જી.અરવલ્લી

---

**ગુનો:** **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલ શ્રી આર.એન.પટેલ

---

**૦ હુકમ ૦**

(૧) આ કામના આરોપી સામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૦૦૪૨૧/૨૦ તા. ૦૮/૦૩/૨૦૨૧ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૬૦ ની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જીપી.એક્ટ કલમ-૧૩૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

## (૨) <u>ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::-</u>

સદર કામે તા.૦૪/૦૭/૨૦ ના ક.૦૭/૦૦ વાગેના સુમારે મોજે લીબોદરા ગામે આ કામના ફરીયાદી તથા આરોપીઓના ખેતરના શેઢે જવા આવવાનુ નાળીયુ (રસ્તો) હોઇ જ્યાથી જવા આવવા બાબતે ફરીયાદી તથા આરોપીઓને ગઇ તા-૦૩/૦૭/૨૦૨૦ ના રોજ બોલાચાલી થયેલ જેની અદાવત રાખી આજ રોજ સવારના ફરીયાદીને આ કામના આરોપી નં-૧ નાઓ કહેવા લાગેલ કે તુ કેમ અમારી જમીનમાથી નીકળે છે તેમ કહી ફરીયાદીને તેના હાથમાની લાકડી માથાના ભાગે મારી દિધેલ અને આ.નં -૨ નાએ તેના હાથમાની લાકડી વડે ફરીયાદીને બરડામાં તથા સાથળના ભાગે મારેલ તેમજ આનં. ૧ ૨.૩ નાઓએ ફરીયાદીને એકસંપ થઇ ગડદાપાટુનો માર મારેલ અને કરી નિચે પડી જવાથી જમણા હાથે કોણીના ભાગે છોલાઇ ગયેલ જે વખતે ફરીયાદી બુમા બુમ કરતા નજીક માથી સાહેદો આવી જતા ફરીયાદીને વધુ માર માથી છોડાવેલ તે વખતે ઉપરોક્ત તમામ આરોપીઓ જતા જતા આજેતો આ બધા આવી જતા તુ બચી ગયેલ છે પણ હવે એકલ દોકલ મળીશ તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી બાબત ની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

## (૩) <u>કોર્ટ કાર્યવાહી :-</u>

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને સમન્સ બજતા તેઓ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્ર માણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આંક – ૦૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક – ૦૫ થી ૦૭ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૪)** ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**<u>// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //</u>**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી મશાભાઈ માનાભાઈ ડામોર ની જુબાની | ૨૯ |
| ૦૨ | ફરિયાદ | ૩૦ |
| ૦૩ | સાહેદ ખાતુભાઈ મશાભાઈ ડામોરની જુબાની | ૩૧ |
| ૦૪ | પંચનામાની ખરી નકલ | ૩૨,૩૩ |
| ૦૫ | જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ હોસ્પી.ડો.નીરવ પટેલનું લેટર | ૩૫ |
| ૦૬ | મેડીકલ સર્ટી. | ૩૪ |
| ૦૭ | કલોજીંગ પુરશીશ | ૩૬ |

**(૫)** ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય

આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે, તા.૦૪/૦૭/૨૦ ના ક.૦૭/૦૦ વાગેના સુમારે મોજે લીબોદરા ગામે આ કામના ફરીયાદી તથા આરોપીઓના ખેતરના શેઢે જવા આવવાનુ નાળીયુ (રસ્તો) હોઇ જ્યાથી જવા આવવા બાબતે ફરીયાદી તથા આરોપીઓને ગઈ તા–૦૩/૦૭/૨૦૨૦ ના રોજ બોલાચાલી થયેલ જેની અદાવત રાખી આજ રોજ સવારના ફરીયાદીને આ કામના આરોપી નં–૧ નાઓ કહેવા લાગેલ કે તુ કેમ અમારી જમીનમાથી નીકળે છે તેમ કહી ફરીયાદીને તેના હાથમાની લાકડી માથાના ભાગે મારી દિધેલ અને આ.નં ૨– નાએ તેના હાથમાની લાકડી વડે ફરી.ને બરડામાં તથા સાથળના ભાગે મારેલ તેમજ આનં. ૧ ૨.૩ નાઓએ ફરીયાદીને એકસંપ થઇ ગડદાપાટુનો માર મારેલ અને ફરીયાદી નિચે પડી જવાથી જમણા હાથે કોણીના ભાગે છોલાઇ ગયેલ જે વખતે ફરીયાદી બુમા બુમ કરતા નજીક માથી સાહેદો આવી જતા ફરીયાદીને વધુ માર માથી છોડાવેલ તે વખતે ઉપરોક્ત તમામ આરોપીઓ જતા જતા આજે તો આ બધા આવી જતા તુ બચી ગયેલ છે પણ હવે એકલ દોકલ મળીશ તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપી એકબીજાની મદદગારી | નકારમાં |

| | | |
|---|---|---|
| | કરી આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે **?** | |
| **૨.** | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

**<u>૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>**

(૭) **–:: પુરાવાનુ મુલ્યાંકન ::–**

**<u>મુદ્દાની ચર્ચા :–</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય–નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સં જોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **"Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous"** એટલે કે, કાયદાનું

અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

(૮) <u>ફરિયાદી તથા સાહેદો નો પુરાવો :–</u>

ત્યારબાદ ફરિયાદપક્ષે **<u>આંક–૨૯</u>** થી ફરિયાદી મશાભાઈ માનાભાઈ ડામોર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,બનાવ આજથી આશરે સાડા પાંચ વર્ષ અગાઉ ટીબા ફળી ખાતે રોડ ઉપર સવારના સમયે બનેલો. બનાવ વખતે આરોપીઓ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી. આ બોલાચાલી બાબતે મે મેઘરજ પો.સ્ટેશન ખાતે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે જે ઓળખી બતાવુ છુ જે ફરીયાદની ખરી નકલને આંકે પાડવા સામે બચાવ પક્ષને વાંધો ન હોય જે ફરીયાદની ખરી નકલ રજુ દાખલ **આંક. ૩૦** આપવામાં આવે છે. આ કામના આરોપીઓને હુ ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ છે. સરકારી વકીલશ્રીએ તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ હકિકત સદર ફરિયાદી જણાવેલ નથી. જ્યારે બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

બનાવ સમયે આરોપીઓ સાથે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. બનાવ સમયે આરોપીઓએ મને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. આરોપીઓએ બનાવ સમયે મને કોઈ ગાળો બોલેલી નથી કે મને તથા મારા દિકરાને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. બનાવ સમયે ઘણા લોકો ભેગા થયેલા હોઈ કોણ શું બોલતુ હતુ અને કોના હાથમાં શુ હતુ તેની મને ખબર નથી. બનાવ સમયે ઘણા લોકો ભેગા થતાં ધકકા મુકકી થવાના કારણે પડી જવાના કારણે મને સામાન્ય ઈજા થયેલી. મને થયેલ ઈજા બાબતે ડોકટરશ્રીએ મને કોઈ હકીકત પુછેલી નથી કે મે લખાવેલ નહિ. સામાન્ય બોલાચાલી થતાં ગેરસમજ થતા મે ફરીયાદ આપેલી. પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલુ બીજી કોઈ હકીકત પુછેલ નહિ કે મે લખાવેલ નહિ.

ત્યારબાદ ફરિયાદપક્ષે **<u>આંક–૩૧</u>** થી સાહેદ ખાતુભાઈ મશાભાઈ ડામોર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,બનાવ આજથી આશરે સાડા પાંચ વર્ષ અગાઉ ટીબા ફળી ખાતે રોડ ઉપર સવારના સમયે મારા પિતા મશાભાઈ સાથે બનેલો. બનાવ વખતે આરોપીઓ સાથે અમારે સામાન્ય બોલાચાલી થયેલી. આ બોલાચાલી બાબતે મારા પિતા મશાભાઈનાઓએ મેઘરજ પો.સ્ટેશન ખાતે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના આરોપીઓને હુ ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ છે. સરકારી વકીલશ્રીએ તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ હકિકત સદર ફરિયાદી જણાવેલ નથી. જયારે બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

બનાવ સમયે આરોપીઓ સાથે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. બનાવ સમયે આરોપીઓએ મારા પિતાને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. આરોપીઓએ બનાવ સમયે મારા પિતાને કોઈ ગાળો બોલેલી નથી કે મને તથા મારા પિતાને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. બનાવ સમયે ઘણા લોકો ભેગા થયેલા હોઈ કોણ શું બોલતુ હતુ અને કોના હાથમાં શુ હતુ તેની મને ખબર નથી. બનાવ સમયે ઘણા લોકો ભેગા થતાં ધકકા મુકકી થવાના કારણે પડી જવાના કારણે મારા પિતાને સામાન્ય ઈજા થયેલી. મારા પિતાને થયેલ ઈજા બાબતે ડોકટરશ્રીએ અમને કોઈ હકીકત પુછેલી નથી કે અમોએ લખાવેલ નહિ. સામાન્ય બોલાચાલી થતાં ગેરસમજ થતા મારા પિતાએ ફરીયાદ આપેલી. પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલુ બીજી કોઈ હકીકત પુછેલ નહિ કે મે લખાવેલ નહિ.

(૯) આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષે મહત્વના કહી શકાય એવા ફરિયાદી આંક-૨૯ તેમનો સોગંદ ઉપરનો પુરાવો રજુ થયેલ છે તેઓ આંક-૩૦ વાળી ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. વધુમાં, સદર કામે ફરિયાદી તથા તપાસવામાં આવેલ અન્ય સાહેદ ના પુરાવાથી આ કામના આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે બીભત્સ ગાળો આપેલ હોય કે માર મારેલ હોય તેવુ ફલિત થતુ નથી. બનાવ સમયે આરોપી પાસે કોઇ હથીયાર જોયેલ નથી કે હથીયાર વડે માર મારેલ હોય તેવુ ફલિત થતુ નથી. આમ, ફરિયાદી તથા સાહેદ નો પુરાવો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર મદદરૂપ થતો નથી. આરોપીઓ વિરૂધ્ધ આરોપના તત્વો સાબિત થતા નથી. તેમજ આંક-૩૬ થી ફરિયાદપક્ષ

તરફથી કલોઝીંગ પુરશીશ રજુ કરી બીજા કોઇ સાક્ષી તપાસવા માગતા નથી તેવુ જાહેર કરેલ છે. તેથી અન્ય કોઇ સાહેદોને તપાસેલ નથી. આ ફ્રીયાદી/સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો બનાવ છે તે સામાન્ય બોલાચાલીનો છે. બનાવમાં આરોપીઓએ માર મારેલ હોય, ગં દી ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવો લ ેશમાત્ર પુરાવો આ સાહેદના સોગંદ પરના પુરાવાથી રેકર્ડ પર જણાઈ આવતો ન હોય તે સંજોગોમાં આરોપીઓને દોષિત માની શકાય તેમ નથી. ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી, કહેવાતો બનાવ આરોપીઓ ધ્વારા બનેલ હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવતો ન હોવાથી આરોપીઓ વિરૂધ્ધ આરોપ મુજબના તત્વો સાબિત થતા નથી, આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ કોઇ પુરાવા રજુ કરી શકેલ ન હોય, આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપ યુકત આરોપો સાબિત થતા નથી, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપયુકત શંકાથી પર આરોપી પુરવાર કરી શકેલ નથી તેમજ કોઇ હથીયાર વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી. વધ્ુમાં, સદર કામે બચાવપક્ષની સંમતીથી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. તે જેમના તેમ વંચાણે લેવામાં આવે તો પણ ફ્રીયાદીની જુબાની સાથે મેળ ખાતા ન હોય, તે દસ્તાવેજી પુરાવાઓ પુરવાર થતા નથી. આમ ફરિયાદીની જુબાની જોતાં આરોપીઓ વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે જુબાની આપેલી નથી, તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદૃા નં.૧ ની હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ હોય, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ **એ.આઈ.આર. ૨૦૦૮ (સુ.કો.) પાન નં. ૧૯૬૯** માં ઠરાવ્યા મુજબ કેસના સંજોગો જોતા જયારે ફરિયાદી પોતે જ જયારે પોતાના કેસને બીલકુલ સમર્થન આપતા ન હોય ત્યારે ફરિયાદપક્ષ તરફે બીજા અન્ય સાહેદોને તપાસવાથી કે સાંયોગિક પુરાવો એકત્ર કરવાથી કેસમાં

કોઈ પરિણામ આવી શકે તેવા સંજોગો જણાતા નથી, તેથી આવા કેસોમાં બચેલો સમય અન્ય સારા અને તકરારી કેસોને ફાળવવો જોઈએ, અત્રેના કેસમાં પણ પક્ષકારો વચ્ચે જે તકરારો હતી તે પૂર્ણ થઈ ગયેલ છે, તેવા સં જોગોમાં આ કેસને વધુ લાંબા સમય સુધી પડતર રાખવાનુ યોગ્ય જણાતુ નથી. આમ ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ૦ આખરી હુકમ ૦

(૧) આ કામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૦૦૪૨૧/૨૦ ના કામે (૧)ભાથીભાઈ કાનાભાઈ ડામોર (૨)વાલાભાઈ ભાથીભાઈ ડામોર (૩)હશમુખભાઈ ભાથીભાઈ ડામોર, બધા રહે.લીંબોદરા ,તા.મેઘરજ ,જી.અરવલ્લી.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જીપી.એક્ટ કલમ-૧૩૫ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા. ૦૧લી , માહે-એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૦૧ / ૦૪ /૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર-જીજે ૦૧૪૦૮ )** |